**1.** **જોડકાં જોડો**

| વિભાગ I | | વિભાગ II | |
|---|---|---|---|
| (i) | N $\cap$ Q | (a) | સંમેય |
| (ii) | $\pi$ કઈ સંખ્યા છે ? | (b) | $a^{mn}$ |
| (iii) | $(a^m)^n$ | (c) | N |
| | | (d) | અસંમેય |

➤ (i – c) (ii – d) (iii – b)

**2.** $\frac{1}{7}$ **અને** $\frac{2}{7}$ **વચ્ચેની એક અસંમેય સંખ્યા લખો.**

➤ 0.1526435...

**3.** **કિંમત શોધો :** $125^{-\frac{1}{3}}$

➤ $\frac{1}{5}$

**4.** $\left(\sqrt{3}+\sqrt{7}\right)^2$ **નું સાદુંરૂપ આપો.**

➤ $10+2\sqrt{21}$

**5.** $\frac{1}{\sqrt{7}-2}$ **ના છેદનું સંમેયીકરણ કરો.**

➤ $\frac{\sqrt{7}+2}{3}$

**6.** **નીચે આપેલી અભિવ્યક્તિઓ પૈકી કઈ બહુપદી એક-ચલ વાળી છે અને કઈ બહુપદી એક-ચલ વાળી નથી ? તમારા જવાબ માટે કારણ આપો :** $4x^2-3x+7$

➤ $4x^2-3x+7x^0$ : અહીં બધી જ બૈજિક અભિવ્યક્તિઓનાં $x$ ચલના ઘાતાંકએ પૂર્ણ સંખ્યાઓ છે.

$\therefore$ $4x^2-3x+7$ એ એક ચલવાળી બહુપદી છે.

**7.** **નીચે આપેલી અભિવ્યક્તિઓ પૈકી કઈ બહુપદી એક-ચલ વાળી છે અને કઈ બહુપદી એક-ચલ વાળી નથી ? તમારા જવાબ માટે કારણ આપો :** $y^2+\sqrt{2}$

➤ $y^2+\sqrt{2}y^0$ : અહીં બધી જ બૈજિક અભિવ્યક્તિઓનાં $y$ ચલના ઘાતાંકએ પૂર્ણ સંખ્યાઓ છે.

$\therefore$ $y^2+\sqrt{2}$ એ એક ચલવાળી બહુપદી છે.

**8.** **નીચે આપેલી અભિવ્યક્તિઓ પૈકી કઈ બહુપદી એક-ચલ વાળી છે અને કઈ બહુપદી એક-ચલ વાળી નથી ? તમારા જવાબ માટે કારણ આપો :** $3\sqrt{t}+t\sqrt{2}$

➤ $3\sqrt{t}^{\frac{1}{2}}+\sqrt{2}\cdot t$ : અહીં ચલની $\frac{1}{2}$ ઘાત એ પૂર્ણ સંખ્યા નથી.

$\therefore$ $3t^{\frac{1}{2}}+\sqrt{2}\cdot t$ એટલે કે $3\sqrt{t}+t\sqrt{2}$ એકચલ બહુપદી નથી

કારણ કે ચલનો ઘાતાંક પૂર્ણ સંખ્યા નથી.

**9.** **નીચે આપેલી અભિવ્યક્તિઓ પૈકી કઈ બહુપદી એક-ચલ વાળી છે અને કઈ બહુપદી એક-ચલ વાળી નથી ? તમારા જવાબ માટે કારણ આપો :** $y+\frac{2}{y}$

➤ $y + 2y^{-1}$ : અહીં $y$ ચલની ઘાત $(-1)$ એ પૂર્ણ સંખ્યા નથી.

$\therefore$ $y + 2y^{-1}$ એટલે કે $y+\frac{2}{y}$ એ એકચલ બહુપદી નથી

કારણ કે ચલનો ઘાતાંક પૂર્ણ સંખ્યા નથી.

**10. નીચે આપેલી અભિવ્યક્તિઓ પૈકી કઈ બહુપદી એક-ચલ વાળી છે અને કઈ બહુપદી એક-ચલ વાળી નથી ? તમારા જવાબ માટે કારણ આપો : $x^{10} + y^3 + t^{50}$**

➤ અહીં દરેક ચલનો ઘાતાંક પૂર્ણ સંખ્યા છે.

$\therefore$ $x^{10} + y^3 + t^{50}$ એ ચલ $x$, $y$ અને $t$ એમ ત્રણ ચલવાળી બહુપદી છે. એટલે કે ત્રિચલ બહુપદી છે એકચલ વાળી બહુપદી નથી.

**11. નીચેનામાંથી $x^2$ નો સહગુણક લખો : $2 - x^2 + x^3$**

➤ $x^2$ નો સહગુણક $(-1)$ છે.

**12. નીચેનામાંથી $x^2$ નો સહગુણક લખો : $\frac{\pi}{2}x^2 + x$**

➤ $x^2$ નો સહગુણક $\frac{\pi}{2}$ છે.

**13. 35 ઘાતાંકવાળી દ્વિપદીનું કોઈપણ એક ઉદાહરણ અને 100 ઘાતાંકવાળી એકપદીનું કોઈપણ એક ઉદાહરણ આપો.**

➤ 35 ઘાતાંકવાળી દ્વિપદી $3x^{35} - 14$

➤ 100 ઘાતાંકવાળી એકપદી $\sqrt{3}y^{100}$

**14. નીચે આપેલી બહુપદીઓની ઘાત જણાવો : $4 - y^2$**

➤ અહીં $y$ ની મહત્તમ ઘાત 2 છે.

તેથી બહુપદીની ઘાત 2 છે.

**15. નીચેનામાંથી $x^2$ નો સહગુણક લખો : $\sqrt{2}x - 1$**

➤ અહીં $\sqrt{2}x-1 \Rightarrow \sqrt{2}x-1+0\cdot x^2$

$x^2$ નો સહગુણક 0 છે.

**16. નીચે આપેલી બહુપદીઓની ઘાત જણાવો : $5x^3 + 4x^2 + 7x$**

➤ અહીં $x$ ની મહત્તમ ઘાત 3 છે.

તેથી આપેલ બહુપદીની ઘાત 3 છે.

**17. નીચે આપેલી બહુપદીઓની ઘાત જણાવો : $5t - \sqrt{7}$**

➤ અહીં $t$ ની મહત્તમ ઘાત 1 છે.

તેથી બહુપદીની ઘાત 1 છે.

**18. નીચેનામાંથી $x^2$ નો સહગુણક લખો : $2 + x^2 + x$**

➤ $x^2$ નો સહગુણક 1 છે.

**19. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $x - x^3$**

➤ અહીં $x - x^3$ ની મહત્તમ ઘાત 3 છે. તેથી તે ત્રિઘાત બહુપદી છે.

**20. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $x^2 + x$**

➤ અહીં $x^2 + x$ ની મહત્તમ ઘાત 2 છે. તેથી તે દ્વિઘાત બહુપદી છે.

**21. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $y + y^2 + 4$**

➤ અહીં $y + y^2 + 4$ ની મહત્તમ ઘાત 2 છે. તેથી તે દ્વિઘાત બહુપદી છે.

**22. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $1 + x$**

➤ અહીં $1 + x$ ની મહત્તમ ઘાત 1 છે. તેથી તે સુરેખ બહુપદી છે.

**23. નીચે આપેલી બહુપદીઓની ઘાત જણાવો : 3**

➤ અહીં $3 = 3x^0$

$x$ ની ઘાત 0 છે.

તેથી બહુપદીની ઘાત શૂન્ય થાય.

**24. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $3t$**

➤ અહીં $t$ ની મહત્તમ ઘાત 1 છે. તેથી તે સુરેખ બહુપદી છે.

**25. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $7x^3$**

➤ અહીં $7x^3$ ની મહત્તમ ઘાત 3 છે. તેથી તે ત્રિઘાત બહુપદી છે.

**26. નીચે આપેલી બહુપદીઓને સુરેખ, દ્વિઘાત કે ત્રિઘાત બહુપદીમાં વર્ગીકૃત કરો : $r^2$**

➤ અહીં $r^2$ ની મહત્તમ ઘાત 2 છે. તેથી તે દ્વિઘાત બહુપદી છે.